# ગાંધીનગર તાલુકાના કોંગી ગઢમાં ગાબડુ પડ્યુ

## પૂર્વ સદસ્ય સોનલબેન પટેલ સહિત ૨૦૦ થી વધુ કાર્યકરો ભાજપમાં વિધિવત્ જોડાયા





ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીના પડઘમ શરૂ થઈ ગયા છે અને ચૂંટણી પ્રક્રિયા શરૂ થવાને આડે હવે ગણતરીના દિવસો બાકી છે ત્યારે કોંગ્રેસના ગઢમાં ગાબડુ પડવાની આક્રમક રણનીતિ ભાજપે અપનાવી છે.

આજે ગાંધીનગર જિલ્લા પંચાયતના પૂર્વ સદસ્યા સોનલબેન પટેલ, સહકારી અગ્રણી ઈન્દ્રભાઈ પટેલ અને તેમના ૨૦૦ સાથી કાર્યકરો સાથે કોંગ્રેસને રામ રામ કરી આજે ભાજપમાં વિધિવત્ રીતે જોડાઈ ગયા છે.

આજે રૂપાલ ખાતે તેમને ભાજપમાં આવકારવા માટેનો કાર્યક્રમ યોજાયો હતો જેમાં ભાજપના પૂર્વ ધારાસભ્યો વાડીભાઈ પટેલ, અશોકભાઈ પટેલ, ડે. મેયર નાઝાભાઈ ઘાંઘર, ભાજપના જિલ્લા મહામંત્રી આઈ.બી. વાઘેલા, કાઉન્સીલર નીતિનભાઈ પટેલ સહિતના અગ્રણીઓ હાજર રહ્યા હતા.

આ આગેવાનોએ સોનલબેન પટેલ અને ઈન્દ્રભાઈ પટેલને આવકારતાં જણાવ્યુ હતુ કે જિલ્લાના વિકાસમાં તમારૂ સક્રિય યોગદાન રૂપાલ અને તેની આસપાસના વિસ્તારમાં વેગીલુ બનશે.

આ પ્રસંગે જિલ્લા-તાલુકા ભાજપના આગેવાનો તેમજ રૂપાલ પંથકના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ભાજપના સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે અગાઉ માણસામાં કોંગ્રેસ છોડી ભાજપમાં આગેવાનો જોડાયા હતા અને આજે ગાંધીનગર તાલુકાના આગેવાનો જોડાયા છે. એકાદ-બે દિવસમાં કલોલમાં પણ કેટલાક આગેવાનો જોડાઈ જશે તેવા સંકેતો આ સૂત્રોએ આપ્યા છે.

ભાજપના આ સૂત્રોએ દાવો કર્યો છે કે કોંગ્રેસના આગેવાનો જે રીતે ભાજપમાં જોડાઈ રહ્યા છે તેને લઈ પક્ષની તાકાત વધી છે એટલુ જ નહિ આ વખતે સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં ભાજપનો ભગવો લહેરાશે તેમાં કોઈ બેમત નથી.

# મિલ્કતવેરાની વસુલી માટે મનપા દ્વારા આગામી બે દિવસમાં સિલીંગની કાર્યવાહી શરૂ થશે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા મિલ્કતવેરાની વસુલાત માટે આગામી દિવસોમાં સિલીંગ જેવા આકરા પગલાંઓ ભરવામાં આવશે.

મળતી વિગતો પ્રમાણે રૂ. ૫૦ હજારથી વધુ વેરો ભરવાનો બાકી હોય તેવી સાતસોથી વધુ મિલ્કતોને ઓળખી કાઢવામાં આવી છે. આ મિલ્કતધારકોને તંત્ર દ્વારા નોટીસો આપવામાં આવી હતી પરંતુ તેમના દ્વારા મિલ્કત વેરો ભરવાની તસ્દી લેવામાં આવી નથી. આ મિલ્કતોનો નોટીસ પિરિયડ પણ પુરો થઈ ગયો છે અને હવે તંત્રએ આગળ વધવાનો નિર્ણય કર્યો છે.

સૂત્રોના જણાવ્યા પ્રમાણે કમિશનરની અધ્યક્ષતામાં મળેલી એક ઉચ્ચસ્તરીય બેઠકમાં આવી મિલ્કતોના સિલીંગની કામગીરી હાથ ધરવાનો સ્પષ્ટ સંકેત તંત્રના અધિકારીઓને આપી દેવામાં આવ્યો છે.

૫૦ હજારથી ૨૫ હજારનો મિલ્કતવેરો બાકી ધરાવતી મિલ્કતોને ઓળખવાની કાર્યવાહી હાલ ચાલી રહી છે અને તે પણ કામગીરી એકાદ દિવસમાં પૂર્ણ થતાં જ આવા બાકીદારોની પણ યાદી તૈયાર કરી તેમને કાયદેસરની નોટીસ આપવામાં આવશે.

ગાંધીનગર મહાનગરપાલિકાના સૂત્રોમાંથી મળતી વિગતો પ્રમાણે મિલ્કતવેરાની જે સરકારી મિલ્કતોની બાકી છે તે અંગે સરકારના માર્ગ-મકાન વિભાગ સાથે સકારાત્મક રીતે વાતચીતો ચાલી રહી છે અને તેના સારા પરિણામ આગામી દિવસોમાં જોવા મળશે.

જે સાતસો મિલ્કતોનો રૂ. ૫૦ હજારથી વધુનો મિલ્કતવેરો બાકી છે તેમાં કેટલીક સરકારી મિલ્કતો હોવાનું પણ તંત્રના સૂત્રોએ સ્વીકાર્યુ છે.

શહેરની હદ વધતાં તંત્રના આર્થિક ભારણને પહોંચી વળવા હવે આકરી વસુલાત નીતિ અમલી બનાવવાનો નિર્ણય મનપામાં લેવાયો હોવાનું પણ આ સૂત્રોએ સ્વીકાર્યુ છે.

# રાજ્યમાં બે દિવસ બાદ પુનઃ આકરી ઠંડીની આગાહી

ગાંધીનગર, તા. ૨

છેલ્લા બે દિવસથી આકરી ઠંડીમાં માંડ રાહત મળી છે ત્યાં હવામાન વિભાગે આગામી તા. ૪ ફેબ્રુઆરીથી પુનઃ આકરી ઠંડી પડશે તેવી આગાહી વ્યક્ત કરી છે. પવનની દિશા બદલાતા ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ગાત્રો તીજવતી ઠંડી પડી શકે છે.

જાન્યુઆરી માસના છેલ્લા દિવસોમાં ગાંધીનગરમાં રેકોર્ડ બ્રેક ઠંડી નોંધાઈ હતી. આકરી ઠંડીએ જનજીવનને અસ્તવ્યસ્ત બનાવી દીધુ હતુ. જો કે આ આકરી ઠંડીમાં છેલ્લા બે દિવસથી રાહત મળી છે. ઠંડા પવનો બંધ થતા દિવસે તો ક્યારેક ગરમી અનુભવાય છે. મહત્તમ તાપમાન ૩૩ ડિ.સે. જેટલુ પહોંચી જતાં દિવસ દરમ્યાન અનુભવાતી ઠંડી હાલમાં ગાયબ થઈ ગઈ છે. પરંતુ ઠંડીનું વધુ એક મોજુ આગામી એકાદ-બે દિવસમાં જ અનુભવી શકાય છે. હવામાન વિભાગે આગાહી કરી છે કે આગામી તા. ૪ ફેબ્રુઆરીથી ઠંડી ખૂબ વધી શકે છે. પવનની દિશા ઉત્તરની બનતા ગાંધીનગર સહિત સમગ્ર ઉત્તર ગુજરાતમાં ઠંડીનું મોજુ ફરી વળી શકે છે. કેટલાક વિસ્તારોમાં રેકોર્ડ બ્રેક ઠંડી નોંધાઈ શકે છે. જેની અસર એક અઠવાડિયા સુધી રહી શકે છે.

દરમ્યાન દાંતીવાડા કૃષિ યુનિ.ના હવામાન પૂર્વાનુમાન તથા કૃષિ સલાહ બુલેટીનના અંક નં. ૮૭માં જણાવ્યાનુસાર આગામી પાંચ દિવસ અર્થાત્ ૩જી ફેબ્રુઆરીથી ૭ ફેબ્રુઆરી દરમ્યાન આકાશ ચોખ્ખુ રહેશે. મહત્તમ તાપમાન ૩૦-૩૩ ડિગ્રી સે. રહેશે જ્યારે લઘુત્તમ તાપમાન ૮ થી ૯ ડિગ્રી રહેવા સંભાવના છે.

આ બુલેટીનમાં જણાવ્યા પ્રમાણે હવામાં ભેજનું પ્રમાણ ૧૧ થી ૩૮ ટકા વચ્ચે રહેવાની સંભાવના છે. પવનની સરેરાશ ગતિ ૮ થી ૧૪ કિ.મી. પ્રતિ કલાક રહેવાની શક્યતા છે.

ખેડૂતોને સલાહ આપતાં આ બુલેટીનમાં જણાવવામાં આવ્યુ છે કે શિયાળુ પાકોને નિંદામણયુક્ત રાખવા સમયાંતરે હાથ નિંદામણ અને આંતરખેડની કામગીરી કરવી. પાકોમાં જરૂરિયાત મુજબ પિયત આપવુ. પાકોમાં રોગ/જીવાતનો ઉપદ્રવ થવાની શક્યતા હોઈ તેના નિયંત્રણ માટે ગ્રામસેવકના સંપર્કમાં રહી જરૂરી પગલાં ભરવા.

# મનપાના વિસર્જન માટે પિન્કીબેન પટેલની માંગ

## મુખ્યમંત્રીને પત્ર લખી માંગ દોહરાવી

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર મનપાના કોંગી કાઉન્સીલર પીન્કીબેન પટેલે આજે વધુ એકવાર રાજ્યના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીને પત્ર લખી ગાંધીનગર મહાનગરપાલિકામાં ભાજપ દ્વારા ચાલી રહેલા ભ્રષ્ટ વહિવટની રજુઆત કરી મનપાના વિસર્જનની માંગ કરી છે.

શ્રીમતિ પટેલે આજે મુખ્યમંત્રીને પાઠવેલા પત્રમાં મુખ્યમંત્રીના વલસાડની રેલીમાં કરેલા સંબોધનને ટાંકીને જણાવ્યુ છે કે તમારી કચેરીથી નજીકમાં આવેલ મનપાની કચેરીમાં જે ભ્રષ્ટ રસમો અપનાવવામાં આવી રહી છે તો તમે જીપીએમસી એક્ટ ભંગની કેમ કાર્યવાહી કરતા નથી.

તેમણે આ સંદર્ભ માટે અગાઉ કરેલી રજુઆતોને દોહરાવી છે તેમજ ગાંધીનગરની પ્રજાના હિતમાં આ ભ્રષ્ટ રીતરસમો રોકવા અને બંધારણની જોગવાઈઓ અનુસાર કાર્યવાહી કરશો તેવી માંગ કરી છે.

શ્રીમતિ પિન્કીબેન પટેલે જણાવ્યુ છે કે જીપીએમસી એક્ટની કલમ ૪૫૨ ની પેટા કલમ ૧ માં આવા પગલાં લેવાની સરકારને સત્તા હોવાની વાત પણ યાદ કરાવી છે.

**પ્રજાના હિતમાં આ ભ્રષ્ટ રીતરસમો રોકવા અને બંધારણની જોગવાઈઓ અનુસાર કાર્યવાહી કરવા માંગ**

# જિલ્લામાં આજે ૧૩૦૦ થી વધુને કોરોના વેક્સીનેશનમાં આવરી લેવાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં આજે સતત બીજે દિવસે પણ ૧૩૦૦ થી વધુ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ.



મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં આજે ૮૪૦ જેટલા ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સનું વેક્સીનેશન કરવામાં આવ્યુ હતુ. આ માટે આજે સાત સેશન સાઈટો રાખવામાં આવી હતી જેમાંથી ૪ સેશન સાઈટ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ ખાતે તથા ૩ સેશન સાઈટ ડી.એસ.પી. ઓફિસ ખાતે કરાઈ હતી.

જિલ્લાના મુખ્ય આરોગ્ય અધિકારી ડૉ. મનુભાઈ સોલંકી સહિતના આરોગ્યના કર્મીઓ આજે હોંશથી વેક્સીનેશનમાં જોડાયા હતા. આજે શહેરમાં વેક્સીનેશન દરમ્યાન કોઈને આડ અસર થયેલી જોવા મળી નહિ હોવાનું આરોગ્યતંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે એપોલો હોસ્પિટલ ખાતે ૨૧૮, અરિહંત ઈન્સ્ટીટ્યુટ ખાતે ૪૩, શારદા નર્સિંગ ઈન્સ્ટીટ્યુટ ખાતે ૩૭, આદર્શ હોસ્પિટલ ખાતે ૧૦૦ તેમજ આજે સી.એચ.સી. કલોલ ખાતે ૨૯, સબ ડિસ્ટ્રીક્ટ હોસ્પિટલ માણસા ખાતે ૧૮, સીએચસી દહેગામ ખાતે ૬૦, સીએચસી રખિયાલ ખાતે ૩૩ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સનું વેક્સીનેશન થયુ હતુ.

જિલ્લામાં કોરોના વોરિયર્સ અને ફ્રન્ટલાઈન વોરિયર્સનું રસીકરણની કામગીરીએ જિલ્લામાં વેગ પકડ્યો છે.

સિવિલ હોસ્પિટલ ખાતે પણ એકાદ બે દિવસમાં વધુ સેશન સાઈટો ઉભી કરવામાં આવશે તેમજ જિલ્લાના અન્ય કેન્દ્રો પર આ સેશન સાઈટો ઉભી કરવામાં આવશે તેમ તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

રાજ્ય સરકાર દ્વારા ફ્રન્ટલાઈન વોરિયર્સ જે ગૃહ, મહેસુલ અને ડિઝાસ્ટર વિભાગના હતા તેમને આ સપ્તાહમાં આવરી લીધા બાદ આગામી સપ્તાહમાં અન્ય ત્રણ વિભાગોના વોરિયર્સને આવરી લેવામાં આવશે તેમ મનાઈ રહ્યુ છે.

# જિલ્લામાં ૮ કેસ નોંધાયા

## સે. ૨ માં બે કેસ ઉપરાંત સે. ૩ અને ૨૬ માંથી કેસ મળ્યા : ગાંધીનગર ગ્રામ્યમાં સરગાસણના ૩ કેસ સહિત ૪ કેસ નોંધાયા

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં આજે કોરોનાના વધુ ૮ કેસ મળી આવ્યા છે. શહેર અને જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૪-૪ કેસ નોંધાયા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે જે ચાર કેસ નોંધાયા છે તે ગાંધીનગર તાલુકાના છે. ગાંધીનગર તાલુકાના સરગાસણ ગામેથી ૩ અને ભાટ ગામેથી એક કેસ મળી આવેલ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં ૪૦૦૬ દર્દી કોરોનામુક્ત થયા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૨૯ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૫૨૩૯ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે.

ગાંધીનગર શહેરમાં પણ આજે ૪ કેસ કોરોનાના નોંધાયા છે. આજે નોંધાયેલા ૪ કેસમાંથી બે દર્દીઓને સારવાર માટે દાખલ કરવામાં આવેલ છે જેમાં એક દર્દી ખાનગી હોસ્પિટલમાં તો ૧ દર્દીને ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. શહેરમાં આજે નોંધાયેલા ૪ કેસમાં ૩ મહિલા દર્દી છે. શહેરમાં મહિલા દર્દીઓની સંખ્યા વધી રહી છે તેમજ સંવેદનશીલ સેક્ટરોમાંથી હજુ કેસ મળી રહ્યા હોવાથી તંત્રની ચિંતા વધી છે. શહેરમાં આજે જે ચાર કેસ નોંધાયા છે તેમાં સે. ૨ માંથી ૨ ઉપરાંત સે. ૩ અને સે. ૨૬ માંથી કેસ મળી આવેલ છે. જિલ્લામાં કોરોનાના કેસોમાં સતત ચડાવ-ઉતાર જોવા મળી રહ્યો છે. જો કે તંત્રનો દાવો છે કે પરિસ્થિતિ નિયંત્રણ હેઠળ છે. જિલ્લામાં ડેઝીગ્નેટેડ કોવિડ હોસ્પિટલમાં બેડ ઉપલબ્ધ હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.


આઠમી પુણ્યતિથિએ
ભાવભીની અંજલિ



સ્વ. જયાબા કેસરીસિંહ વાઘેલા
સ્વર્ગવાસ તા. ૩-૨-૨૦૧૩

આપનું જીવન, પરિવાર, સગા-સંબંધી અને સમાજ માટે સમર્પિત રહ્યું. આપ વિના અમો ઉણપ અનુભવીએ છીએ. આપના આદર્શો, મહેનત, સંઘર્ષ, મનોબળ, સફળતા, સમભાવ અને પ્રેમાળ સ્વભાવ અમારા જીવનનો સુપથ નક્કી કરશે જ.

અમે ગમગીન હૃદયે અને અવિરત અશ્રુભીની આંખે ઈશ્વરને પ્રાર્થના કરીએ છીએ કે, આપને સદ્ગતિ અર્પે.

કેસરીસિંહ ગોબરસિંહ વાઘેલા (લેકાવાડા)
અમરીષસિંહજી કે. વાઘેલા ધવલસિંહજી કે. વાઘેલા
પ્રવિણસિંહજી બી. વાઘેલા પૃથ્વીરાજસિંહજી કે. વાઘેલા


# શહેરનું નવું આકર્ષણ : સેક્ટર-૪નો બગીચો











## નાના ભૂલકાંઓ માટે રોપકોર્સ જેવા રોમાચંક આકર્ષણો સાથે વડીલો માટે ખાસ પ્રકારના ટ્રેક અને યોગાર્થીઓ માટે વિશેષ પ્લેટફોર્મ બનાવાયુ છે : રંગબેરંગી ફૂલો અને નયનરમ્ય લોન સાથે અનેકવિધ આકર્ષણો

ગાંધીનગર સ્માર્ટ સિટી બની રહ્યું છે જે અંતર્ગત શહેરના બગીચાઓનું રિનોવેશન કરવામાં આવી રહ્યું છે. શહેરના વિવિધ સેક્ટરોમાં રહેલા બગીચાઓ અલગ અલગ થીમ આધારિત રિનોવેટ કરવામાં આવ્યાં છે જેમાં સેક્ટર-૪ ખાતેનો બગીચો નાના ભુલકાંઓ માટે એડવેન્ચર સ્પોર્ટ્સ કહી શકાય તેવી સુવિધાઓથી માંડીને વડીલોને ચાલવામાં સરળતા રહે તેવા રબર ટ્રેક સહિત અનેકવિધ આકર્ષણો સાથે વિકસાવાઈ રહ્યો હોવાથી આકર્ષણનું કેન્દ્ર બની રહ્યો છે.

સેક્ટર-૪માં નવી નયનરમ્ય ડિઝાઈન સાથે વિકસી રહેલા ગાર્ડનમાં રંગબેરંગી મનમોહક ફૂલો અને લીલીછમ લોન ઉપરાંત યોગ-પ્રાણાયામ કરવા માટે ખાસ પ્રકારનું પ્લેટફોર્મ વિકસાવાયુ છે. બગીચામાં યુવાનો-કિશોરો વ્યાયામ કસરતો કરી શકે તેવા સાધનો ઉપરાંત નાના બાળકોને રોમાંચ પડે તેવા રોપકોર્સ તથા ઈક્વિપમેન્ટ લગાડાયા છે. આ સાથે બાળકોના મનોરંજનના સાધનો જેવા કે જુદી જુદી પ્રકારના હિંચકા-લપસણી વગેરેનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે. બાળકોથી માંડીને વડીલો શાંતિથી બેસી શકે તે માટે ગઝલો અને વોકીંગ માટેના વિવિધ ટ્રેક સાથે રબરના ઈપીડીયમ પણ તૈયાર કરાયાં છે. હાલ આ બગીચાનું રિનોવેશન કાર્ય હજુ ચાલુ હોવાથી જાહેર જનતા માટે પ્રવેશ નિષેધ છે પરંતુ જે રીતે બગીચો વિકસાવાઈ રહ્યો છે તે જોઈને સ્થાનિક નાગરિકો હરખાઈ રહ્યાં છે. આ બગીચો શહેરમાં મોડેલરૂપ બનશે તેવુ તેમને લાગી રહ્યું છે પરંતુ તે સાથે બગીચાની આ સુંદરતા અને સવલતો લાંબા સમય સુધી જળવાય તે માટે ખુલ્લો મુકાયાં પછી ટોકન પ્રવેશ ફી પણ લાગુ કરવી જોઈએ જેથી તેનો દુરૂપયોગ પર અંકુશ રાખી શકાય તેવુ સ્થાનિકોમાં ચર્ચાઈ રહ્યું છે.

# આગામી પખવાડિયામાં પ્રાથમિક શિક્ષણ શરૂ કરવા વિચારણા

ગાંધીનગર, તા. ૨

કોરોના વાયરસના કારણે સ્કૂલો પર પણ અસર પડી છે, નવું શૈક્ષણિક વર્ષ શરુ થયું ત્યારથી હજુ સુધી પ્રાથમિકના વર્ગો બંધ છે ત્યારે હવે આગામી સમયમાં ધોરણ-૯થી ૧૨ની જેમ આ વર્ગો પણ શરુ કરવામાં આવી શકે છે. શરુઆતમાં બોર્ડના વિદ્યાર્થીઓ માટે સ્કૂલો શરુ કરવામાં આવી હતી, જેમાં હવે ધીરે-ધીરે વિદ્યાર્થીઓની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

બીજી તરફ ધોરણ-૯ અને ૧૧ના ક્લાસ શરુ કરવામાં આવ્યા જેમાં પહેલા દિવસે પાંખી હાજરી જોવા મળી. પહેલા દિવસે ઘણાં વાલીઓ પોતાના બાળકોને સ્કૂલે મોકલતા ખચકાયા હતા, આવામાં જે વાલીઓ સ્કૂલે જાય પછી શું મહત્વનું છે તે પછી તે જાણ્યા પછી પોતાના બાળકોને મોકલવાનો નિર્ણય લઈ રહ્યા છે. બીજી તરફ આગામી ૧૫ ફેબ્રુઆરી પછી પ્રાથમિકના પ્રત્યક્ષ વર્ગો શરુ કરવાની કવાયત હાથ ધરવામાં આવી શકે છે.

ધોરણ- ૯થી ૧૨ સુધીના સ્કૂલમાં પ્રત્યક્ષ ક્લાસ શરુ કરવામાં આવ્યા છે હવે આગામી સમયમાં પ્રાથમિકધોરણ ૬થી ૮ના ક્લાસ પણ શરુ કરવામાં આવી શકે છે. જેના માટે ૯અને ૧૧ના વર્ગો શરુ કરવામાં આવ્યા છે તેની કેવી સ્થિતિ રહે છે તેની તપાસ કરવામાં આવશે. જો કોઈ સમસ્યા નહીં સર્જાય તો જલદી પ્રાથમિકના પ્રત્યક્ષ વર્ગો પણ શરુ કરવામાં આવી શકે છે. એક તરફ રાજ્યમાં કોરોનાની સ્થિતિ કાબૂમાં આવી રહી છે અને મોટા પ્રમાણમાં વેક્સીનેશન પ્રોગ્રામ પણ ચાલી રહ્યો છે. આ સાથે સ્કૂલમાં પણ વિદ્યાર્થીઓ વચ્ચે અંતર જળવાઈ રહે તે માટે યોગ્ય પગલા ભરવામાં આવી રહ્યા છે.

પાછલા ૯ જેટલા મહિનાથી ઓનલાઈન ક્લાસમાં ભણીને પ્રાથમિકના વિદ્યાર્થીઓ કંટાળ્યા હોવાનું વાલીઓ જણાવી રહ્યા છે, એક અધિકારીએ જણાવ્યું કે, બાળકોને ફોનથી દૂર રાખવાની કોશિશ કરવામાં આવી રહી છે ઓનલાઈન ક્લાસના બહાને તેઓ ફોન લઈને બેસી જાય છે.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com